ADARSH PLANT PROTECT LIMITED

**Ref. No./APPL/Brd_Mtg/Results/31032023/12**

**01st May, 2023**

**Corporate Relationship Department,**
**BSE Limited,**
**Floor 25, Rotunda Building,**
**Dalal Street,**
**Mumbai - 400 001.**

**Scrip Code: 526711**

Dear Sir/Madam,

**Sub.: Newspaper publication of Standalone Audited Financial Results for the Quarter and year Ended on 31st March, 2023**

**Ref.: Reg. 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015**

We would like to inform you that, the Company has published on Monday, the 01st May, 2023, the Audited Standalone Financial Results for the Quarter and year ended on 31st March, 2023 in Western Times (English and Gujarati Edition).

The said Audited Financial Results are also available on the website of the Company at www.adarshplant.com

We submit herewith copies of said publication in the above newspapers, pursuant to the Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

Thanking you,

Yours faithfully
**For ADARSH PLANT PROTECT LIMITED**
AMI RAAG MEHTA
Digitally signed by AMI RAAG MEHTA
Date: 2023.05.01 13:42:06 +05'30'
**(AMI R. MEHTA)**
**COMPANY SECRETARY & COMPLIANCE OFFICER**

Encl: a/a

# જાપાનમાં માતા-પિતા બાળકોને રડાવવાની કરે છે પ્રેક્ટિસ

**(એજન્સી)નવી દિલ્હી,**

માતા-પિતા પોતાના બાળકો માટે શું શું નથી કરતા. પેરેન્ટ્સ પોતાના બાળકોને ક્યારેય પણ તકલીફ આપવા વિશે વિચારી શકતા નથી. પણ જાપાનના નકી સૂમો કાર્યક્રમમાં માતા-પિતા પોતાના બાળકોને રડાવવાની સંભવ દરેક કોશિશ કરતા હોય છે. ૪૦૦ વર્ષ જૂના નાકી સૂમો ફેસ્ટિવલ સમગ્ર જાપાનમાં દર વર્ષે મનાવામાં આવે છે. માનવામાં આવે છે કે, તેનાથી બાળકોને ખરાબ આત્માઓથી બચાવે છે અને તેમને સારુ સ્વાસ્થ્ય અને ભાગ્ય આપે છે. સૂમો પહેલવાન હરીફાઈ દરમ્યાન બાળકોને પકડીને અને અજીબોગરીબ અવાજ કાઢીને તેમને રડાવવાની કોશિશ કરતા હોય છે. જે બાળકો પહેલા રડે છે, તે હરીફાઈમાં જીતી જાય છે. શનિવારે જાપાનમાં નોંધાયેલ બાળકોના પરંપરાગત ક્રાઈંગ સુમો વિધિમાં ભાગ લીધો. કોરોના મહામારી આવ્યાના ચાર વર્ષ બાદ આ ફેસ્ટીવલને મનાવવામાં આવી રહ્યો છે. માનવામાં આવે છે કે, આ ઉત્સવથી શિશુઓને સારુ સ્વાસ્થ્ય મળે છે. માતા-પિતાએ પોતાના બાળકોને ટ્રેડિશનલ સૂમો એપ્રન પહેરાવ્યું. બાદમાં તેમને ટોક્યના સેંસોજી મંદિરમાં સૂમો રિંગમાં એક બીજાનો સામનો કરાવ્યો. ઓની-દાનવના ચહેરા પહેરીને આવેલા કર્મચારીઓએ બાળકોને રડાવવાની કોશિશ કરી. સૌથી પહેલા જે બાળક રડે તેને એક સુમો રેફરી દ્વારા વિજેતા ઘોષિત કરવામાં આવે છે. સુમો રેફરી પણ ટ્રેડિશનલ યૂનિફોર્મમાં હતો. એક છોકરી પંખાતી જીતના સંકેત આપી રહી હતી. એક બાળકની માતાએ એએફપીને કહ્યું કે, અમે બાળકોને રડવાની રીતને સાંભળીને તેના સ્વાસ્થ્યની સ્થિતી વિશે બતાવી શકીએ છીએ. હું તેમનું રડવાનુ સ્વાસ્થ્ય સાંભળવા માગું છું. ક્રાઈંગ સુમો ફેસ્ટીવલ માતા-પિતા અને દર્શકો માટે દેશભરના મંદિરો અને શ્રાઈનમાં આયોજીત કરવામાં આવે છે. કાર્યક્રમ આયોજીત કરનારા અસાકુસા ટૂરિઝ્મ ફેડરેશનના અધ્યક્ષ શિગેમી ફુઝીએ કહ્યું કે, અમુક લોકો વિચારી શકે છે કે, આ ભયાનક છે કે બાળકોને રડાવે છે. પણ જાપાનમાં અમે માનીએ છીએ કે, જે બાળકો જોરથી રડે છે, તેમના સ્વાસ્થ્ય ખૂબ સારા હોય છે. જાપાનમાં કેટલીય જગ્યા પર આ રીતના આયોજન થાય છે. આયોજકના અનુસાર, કુલ ૬૪ બાળકોએ રિચુઅલમાં ભાગ લીધો. આ આયોજનના નિયમ એક ક્ષેત્રથી બીજી જગ્યામાં અલગ હોય છે.

**જાપાનમાં યોજાયો અનોખો ફેસ્ટીવલ**

## ભારતે ૨૦૨૨માં સંરક્ષણ ક્ષેત્રે છ ટકા વધુ રકમ ખર્ચી

# સંરક્ષણ ક્ષેત્રે સૌથી વધારે ખર્ચ કરનાર દેશોમાં ભારત ચોથા ક્રમે

**(એજન્સી)નવી દિલ્હી,**

ભારત ગયા વર્ષે સંરક્ષણ ક્ષેત્રે સૌથી વધુ ખર્ચ કરનાર વિશ્વનો ચોથો દેશ રહ્યો. ભારતે વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨માં ૬% વધુ રકમ ખર્ચી હતી. આ માહિતી સ્વીડિશ થિંક ટેક 'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (એસઆઈપીઆરઆઈ) એ પોતાના રિપોર્ટમાં આપી છે.

મિલિટરી એક્સપેન્ડિચર રિપોર્ટ અનુસાર ભારતે કુલ સંરક્ષણ બજેટનો ૨૩% હિસ્સો ઈક્વિપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ખર્ચ કર્યો છે, જેમાં ચીન સાથેની સરહદ પરનો ખર્ચ પણ સામેલ જ્યાં પડોશી દેશ સાથે તણાવ ચાલી રહ્યો છે તે. રિપોર્ટ અનુસાર ભારતના સંરક્ષણ બજેટનો મોટાભાગનો હિસ્સો પગાર અને પેન્શન પાછળ ખર્ચવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૨માં ભારતે સંરક્ષણ ક્ષેત્રે કુલ ૮૧.૪ અબજ ડૉલરનો ખર્ચ કર્યો જે વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં ૬% અને વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં ૪૭% વધુ છે. સોમવારે જારી કરાયેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતના સંરક્ષણ બજેટમાં વધારો ચીન અને પાકિસ્તાન સાથેની સરહદ પર તણાવને પ્રતિબિંબિત કરે છે. વર્ષ ૨૦૨૨ દરમિયાન વિશ્વભરમાં સંરક્ષણ ક્ષેત્રે કરાયેલા ખર્ચમાં એકલા અમેરિકાનો હિસ્સો ૩૯% છે. તેના પછી ૧૩% સાથે ચીનનું સ્થાન આવે છે. રશિયા, ભારત અને સાઉદી અરેબિયા અનુક્રમે ૩.૯%, ૩.૬% અને ૩.૩% સંરક્ષણ ખર્ચ સાથે ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને છે.

અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૨માં વિશ્વના સંરક્ષણ ખર્ચમાં ટોચના પાંચ દેશોનો હિસ્સો ૬૩% રહ્યો છે. SIPRIના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૨માં વિશ્વનાસૈન્ય ખર્ચમાં સૌથી મોટા ૧૫ ખર્ચ કરનારા દેશોનો હિસ્સો ૮૨ ટકા છે અને આ ખર્ચ ૧,૮૪૨ અબજ ડૉલર થાય છે. રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૨માં વિશ્વ સૈન્ય ખર્ચમાં ૩.૭% ના વધારા સાથે તે વધીને ૨,૨૪૦ અબજ ડોલર થઈ ગયો છે. યુરોપમાં ઓછામાં ઓછા ૩૦ વર્ષમાં સૈન્ય ખર્ચમાં સૌથી ઝડપી વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૧માં ૭૬.૬ અબજ ડોલરના સૈન્ય ખર્ચ સાથે ભારત સંરક્ષણ ક્ષેત્ર પર ખર્ચ કરવામાં ત્રીજો દેશ હતો, જ્યારે વર્ષ ૨૦૧૬માં તે ૫૫.૯ અબજ ડોલર સાથે પાંચમો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરનાર દેશ હતો.



**આ માહિતી સ્વીડિશ થિંક ટેન્ક સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ પોતાના રિપોર્ટમાં આપી**

# દરિયામાં એલિયન્સની દુનિયાનો રસ્તો મળ્યો

**(એજન્સી)નવી દિલ્હી,**

આપણને ઘણીવાર લાગે છે કે આ પૃથ્વીની બહારની દુનિયા સૌથી વિચિત્ર છે, કારણ કે તે આપણી પહોંચથી દૂર છે. આ કારણોસર, અમે અન્ય ગ્રહો અથવા અવકાશમાં જ એલિયન્સ હોવાનો દાવો કરીએ છીએ. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો એલિયન્સ આપણી ધરતી પર જ હાજર હોય તો! પૃથ્વી પર આવા ઘણા રહસ્યો છુપાયેલા છે, જેના તળિયે જઈને તમને એવું લાગશે કે તેઓ એલિયન્સ સાથે જોડાયેલા છે. તાજેતરમાં, વૈજ્ઞાનિકોએ બ્લુ હોલ અને તેની અંદરના જીવન વિશે ઊંડાણપૂર્વક જાણ્યું છે, જેના વિશે તેઓએ સમાન દાવા કર્યા છે. વેબસાઈટના અહેવાલ મુજબ, વૈજ્ઞાનિકોને મેક્સિકોમાં એક વિશાળ બ્લૂ હોલની જાણ થઈ છે, જેના વિશે તેઓ સંશોધન કરતા હોશ ઉડાવી દેવામાં આવ્યા છે. સમાચાર વિશે જણાવતા પહેલા અમે તમને જણાવીએ કે બ્લુ હોલ શું છે. આ સીધી ગુફાઓ છે જે સમુદ્રની અંદર જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે તેઓ હિમયુગના અંત પછી બાંધવામાં આવ્યા હતા અને તેઓ હજારો વર્ષ જૂના છે. એટલું જ નહીં, આ ગુફાઓ કેટલાય ફૂટ ઊંડી પણ હોઈ શકે છે. તેમને ઈકોલોજીકલ હોટસ્પોટ તરીકે પણ ગણવામાં આવે છે જેમાં પ્રાણીઓ, છોડ વગેરેની ઘણી પ્રજાતિઓ પણ જોવા મળે છે જે ખૂબ જ દુર્લભ છે. વૈજ્ઞાનિકોએ મેક્સિકોમાં આવા જ એક બ્લુ હોલની શોધ કરી છે. જો કે આ બ્લુ હોલની શોધ ૨૦૨૧માં જ થઈ હતી, પરંતુ હવે તે મરીન સાયન્સમાં સૌથી પ્રતિષ્ઠિત સાયન્સ જર્નલ ફ્રન્ટિયર્સમાં નોંધાયેલ છે. આ બ્લુ હોલને દુનિયાનું બીજું સૌથી મોટું બ્લુ હોલ ગણાવવામાં આવી રહ્યું છે. તેની ઊંડાઈ લગભગ ૯૦૦ ફૂટ છે. વિશ્વનું સૌથી મોટું બ્લુ હોલ ચીનમાં દક્ષિણ ચીન સાગરમાં છે, જેને ડ્રેગન હોલ નામ આપવામાં આવ્યું છે અને તેની ઊંડાઈ ૯૮૦ ફૂટ છે. હવે સવાલ એ થાય છે કે આ બ્લુ હોલને એલિયન્સની દુનિયાનો રસ્તો કેમ કહેવામાં આવી રહ્યો છે? વાસ્તવમાં એલિયન્સ તેની અંદર રહેતા નથી, ન તો તે અન્ય ગ્રહ પર અવકાશ લઈ જવાનો માર્ગ છે. વાસ્તવમાં, આવા વિચિત્ર અને દુર્લભ પ્રજાતિના જીવો બ્લુ હોલમાં જોવા મળે છે કે તેઓ એલિયન્સથી ઓછા નથી. તેમનું જીવન વૈજ્ઞાનિકો માટે એલિયન જીવન સ્વરૂપ જેવું છે.


## જાહેર નિવિદા

જય ભારત સાથે જણાવવાનું કે ગામ વલ્લી તા. તારાપુર જિ.આણંદના વલ્લી ગામે ૧૫માં નાણાપંચ ગ્રામ્ય કક્ષા તથા સરકારશ્રી તરફથી મળતી વિકાસ કામોની ગ્રાન્ટમાં થતા વિકાસ કામોના માલ સામાન તથા મજૂરીના ભાવો તા.૦૫.૦૫.૨૦૨૩ ના રોજ સમય ૦૨.૦૦ કલાકે ગ્રામપંચાયત કચેરી વલ્લી ખાતે રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલી આપવાના રહેશે જેમાં GST નંબર, પાનકાર્ડ, આધાર કાર્ડ, સોલવંશી પ્રમાણપત્ર (બેંક સ્ટેટમેન્ટ) સામેલ રાખવાના રહેશે .સરકારશ્રી તરફથી મળતી વિવિધ વિકાસ કામોની ગ્રાન્ટનો સમાવેશ કરવાનો રહેશે. સને ૨૦૨૦/૨૧, ૨૦૨૧/૨૨, ૨૦૨૨/૨૩, અને ૨૦૨૩/૨૪ ના કામો આવરી લેવામાં આવશે. વધુ માહિતી માટે ગ્રામ પંચાયત વલ્લીનો સંપર્ક કરવા વિનંતી. ભાવપત્રકો મંજુર/ના મંજુર કરવાનો આખરી નિર્ણય ગ્રામ પંચાયત વલ્લીનો રહેશે જેની નોંધ લેવી. સદર ભાવ પત્રકો બંધ કવરમાં મોકલવાના રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત વલ્લી
તા.તારાપુર જિ.આણંદ- ૩૮૮૬૨૫

## જાહેર નિવિદા

જય ભારત સાથે જણાવવાનું કે ગામ મોરજ તા. તારાપુર જિ.આણંદના મોરજ ગામે ૧૫માં નાણાપંચ ગ્રામ્ય કક્ષા તથા સરકારશ્રી તરફથી મળતી વિકાસ કામોની ગ્રાન્ટમાં થતા વિકાસ કામોના માલ સામાન તથા મજૂરીના ભાવો તા.૦૫.૦૫.૨૦૨૩ ના રોજ સમય ૧૧.૦૦ કલાકે ગ્રામપંચાયત કચેરી મોરજ ખાતે રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલી આપવાના રહેશે જેમાં GST નંબર, પાનકાર્ડ, આધાર કાર્ડ, સોલવંશી પ્રમાણપત્ર (બેંક સ્ટેટમેન્ટ) સામેલ રાખવાના રહેશે .સરકારશ્રી તરફથી મળતી વિવિધ વિકાસ કામોની ગ્રાન્ટનો સમાવેશ કરવાનો રહેશે. સને ૨૦૨૦/૨૧, ૨૦૨૧/૨૨, ૨૦૨૨/૨૩, અને ૨૦૨૩/૨૪ ના કામો આવરી લેવામાં આવશે. વધુ માહિતી માટે ગ્રામ પંચાયત મોરજ નો સંપર્ક કરવા વિનંતી. ભાવપત્રકો મંજુર/ના મંજુર કરવાનો આખરી નિર્ણય ગ્રામ પંચાયત મોરજનો રહેશે જેની નોંધ લેવી. સદર ભાવ પત્રકો બંધ કવરમાં મોકલવાના રહે

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત મોરજ
તા.તારાપુર જિ.આણંદ- ૩૮૮૧૮૦


## મહિલા ક્રિકેટર્સ માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ જાહેર કરાયો

# એ ગ્રેડમાં હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તિ શર્માનો સમાવેશ

**(એજન્સી)નવી દિલ્હી,**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા મહિલા ક્રિકેટરોની નવી કોન્ટ્રાક્ટ યાદી જાહેર કરવામાં આવી છે. બીસીસીઆઈએ નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં કુલ ૧૭ ખેલાડીઓને જગ્યા આપી છે. કેપ્ટન હરમનપ્રીત સિવાય બીસીસીઆઈએ ગ્રેડ એમાં માત્ર બે જ ખેલાડીઓને સ્થાન આપ્યું છે. સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્મા અન્ય બે ખેલાડીઓનો ગ્રેડ એમાં સ્થાન મળ્યું છે.

મહિલા ક્રિકેટરોની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટને બીસીસીઆઈએ ત્રણ કેટેગરીમાં વહેંચી છે. ત્રણ ખેલાડીઓને એગ્રેડમાં રાખવામાં આવ્યા છે.

ગ્રેડ એમાં સ્થાન મેળવનાર ત્રણ ખેલાડીઓને બીસીસીઆઈતરફથી વાર્ષિક ૫૦ લાખ રૂપિયાની રકમ મળશે. સાથે જ ૫ મહિલા ખેલાડીઓને બીગ્રેડમાં સ્થાન મળ્યું છે. આ શ્રેણીના ખેલાડીઓને બીસીસીઆઈદ્વારા વાર્ષિક ૩૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. ગ્રેડ સીમાં મહત્તમ ૧૦ ખેલાડીઓને સ્થાન મળ્યું છે. આ યાદીમાં સામેલ ખેલાડીઓને વાર્ષિક ૧૦ લાખ રૂપિયાની ફી ચૂકવવામાં આવે છે.

મહિલા ક્રિકેટરોની નવી કોન્ટ્રાક્ટ યાદી ગ્રેડ એ - હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તિ શર્મા ગ્રેડ બી - રેણુકા ઠાકુર, શેફાલી વર્મા, રિચા ઘોષ, રાજેશ્વરી ગાયકવાડ, જેમિમા રોડ્રિગ્સ ગ્રેડ સી - મેગના સિંહ, દેવિકા વૈદ્ય, અંજલિ સરવાણી, પૂજા વસ્ત્રાકર, સાભિનેની મેઘના, સ્નેહ રાણા, રાધા યાદવ, હરલીન દેઓલ, યેસિકા ભાટિયા



# કિમ કાર્દાશિયનની હમશકલ ગણાતી ક્રિસ્ટીના એશ્ટનનું નિધન

**(એજન્સી)નવી મુંબઇ,**

કિમ કાર્દાશિયન હોલીવુડની જાણીતી અભિનેત્રી છે. લોકો તેની સુંદરતાના દિવાના છે. ઘણા લોકો તેમના જેવા દેખાવાની ઈચ્છા રાખે છે. મોડલ ક્રિસ્ટીનાની પણ આવી જ ઈચ્છા હતી. તેણે ઘણી પ્લાસ્ટિક સર્જરી કરીને કિમ જેવી બોડી શેપ અને ચહેરો કરાવ્યો. હવે મળતી માહિતી પ્રમાણે મોડલનું નિધન થઇ ગયુ છે. કિમ કાર્દાશિયનની હમશકલ ગણાતી ક્રિસ્ટીના એશ્ટનનું ૩૪ વર્ષની વયે અવસાન થયું છે. સર્જરી બાદ તે બિલકુલ કિમ જેવી દેખાવા લાગી હતી. આ કારણે તેને સારી ફેન ફોલોઈંગ પણ મળી હતી. કિમ જેવા દેખાવા માટે અનેક પ્લાસ્ટિક સર્જરી કરાવ્યા બાદ તે વિશ્વભરમાં જાણીતો ચહેરો બની ગઈ. જોકે, ક્રિસ્ટનનું મૃત્યુ માત્ર ૩૪ વર્ષની ઉંમરે કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું હતું. એશ્ટનના પરિવારે કહ્યું, '૨૦ એપ્રિલની સવારે અંદાજે ૪:૩૧ વાગ્યે અમારા પરિવારને પરિવારના એક સભ્યનો દુઃખદ ફોન આવ્યો, જે ખૂબ જ જોરથી ચીસો પાડતો અને રડતો.... તેણે કહ્યું કે, એશ્ટન મરી રહી છે.... મૃત્યુ એક ફોન કૉલ જેણે તરત જ અમારી દુનિયાને વિખેરી નાખી અને અમારા જીવનમાં અમારા પરિવારને કાયમ માટે છોડી દીધી.



# કાર ચાલકે મેડિકલ સ્ટુડન્ટ યુવતીને અડફેટે લેતા મોત

**વડોદરા,**

વડોદરાના કરજણમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. વડોદરાના કરજણમાં કાર ચાલકે મેડિકલ સ્ટુડન્ટ યુવતીને અડફેટે લેતા યુવતીનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું છે. આ ઘટના કરજણ- આમોદ માર્ગ પર આવેલ સુમેરૂ તીર્થ નજીક બની હતી. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, કરજણ - આમોદ માર્ગ પર આવેલ સુમેરૂ તીર્થ પાસે શ્રી માલિની કિશોર સંઘવી મેડિકલ કોલેજમાં પહેલા વર્ષમાં બી.એચ.એમ.એસમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય યુવતી ભોગ બની છે. અકસ્માતમાં મૃત પામેલ યુવતી અંદાજિત ૧૭ વર્ષીય લેન્સી મહેતા મૂળ જામનગરની રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. જામનગરની લેન્સી મહેતા અનાથ આશ્રમમાં બાળકો સાથે જન્મ દિવસની ઉજવણી કરવા જતા કોલેજની બહાર નીકળી હતી, જ્યાં કરજણ તરફથી આમોદ તરફના માર્ગ પર કાર ચાલકે યુવતીને અડફેટે લઈ કાર ચાલક કરજણ પોલીસ મથકે હાજર થયો હતો.

# ગુજરાતના ઉદ્યોગો વિશ્વને લીડ કરે છે : ધારાસભ્ય પેટલાદ

**(પ્રતિનિધિ)પેટલાદ,**

પેટલાદ ખાતે ગતરોજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એક બેઠકનું આયોજન કર્યું હતું. પેટલાદમાં વેપાર રોજગાર વધારવા સંદર્ભે યોજાયેલ બેઠકમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ, જીઆઈડીસીના હોદ્દેદારો, બેંક મેનેજરો વગેરેએ ઉપસ્થિત રહી વેપારીઓ તથા ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં પેટલાદના ધારાસભ્યને ખાસ જણાવ્યું હતું કે ગુજરાતના ઉદ્યોગો વિશ્વને લીડ કરે છે. પેટલાદમાં પણ વેપાર રોજગાર વધે એ દિશામાં તમામ પ્રયત્નો ચાલુ છે.

પેટલાદના રેડક્રોસ હોલ ખાતે ગતરોજ યોજાયેલ આ બેઠકમાં સ્વાગત પ્રવચન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિરંજનભાઈ શાહે કર્યું હતું. ઉપસ્થિત નાના - મધ્યમ કદના વેપારીઓ અને ઉદ્યોગકારોને માહિતી આપતા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર આણંદના જનરલ મેનેજર આર એસ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકારની અનેકવિધ યોજનાઓ વેપાર શરૂ કરવા અને વધારવા માટે કાર્યરત છે. આણંદ જીલ્લામાં ૨૪૦૦૦ જેટલા એમએસએમઈ ઉદ્યોગો છે. જે પૈકી આણંદમાં એન્જીનિયરીંગ અને ખંભાતમાં ફાર્મા સેક્ટરના ઉદ્યોગો વધુ છે. હવે પેટલાદના વેપાર રોજગારને વધારવા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તમામ યોજનાઓનો લાભ આપવા તૈયાર છે.



(તસ્વીરઃ દેવાંગી ઠાકર)

નાના અને મધ્યમ કદના વેપાર માટે સરકાર દ્વારા અનેક સબસિડી લોનની વ્યવસ્થા છે. તેમાંય ૩૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને ઉદ્યોગ સ્થાપવા પ્રોત્સાહન મળે તે માટે પણ સરકારની અનેક યોજનાઓ કાર્યરત છે. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ, લોન, સબસિડી, વ્યાજ વગેરેની સંપૂર્ણ માહિતી પીપીટી દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્ય કમલેશભાઈ પટેલે જણાવ્યું હતુ કે ચરોતરના માન્ચેસ્ટર ગણાતા પેટલાદના વેપાર રોજગાર છેલ્લા ઘણા વર્ષોથી પાછળ ધકેલાઈ ગયા છે. જે માટે અમોએ એનટીસી મિલની ૧૬ એકર તથા ખાંડ ઉદ્યોગની ૧૦૫ એકર પડતર જમીન ઉપર કોઈપણ ઉદ્યોગ સ્થાપી લોકોને રોજગારી મળે તે માટે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. ઉપરાંત છેલ્લા સાત વર્ષથી જે બ્રિજનું કામ બંધ છે તે માટે નવેસરથી બજેટમાં રૂ.૨૮.૫૬ કરોડની જોગવાઈ કરાવી છે. જેથી આગામી સમયમાં બ્રિજનું કામ પણ પૂર્ણ કરવામાં આવશે. વધુમાં તેઓએ કહ્યું હતું કે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા સરળ બને તે માટે ધર્મજ ચોકડીથી નડીયાદ સુધીના રાજમાર્ગને ફોર લેન કરવા પણ સરકારમાં રજૂઆત કરી છે. પેટલાદમાં વેપાર રોજગાર વધારવાની દિશામાં પહેલ કરનાર ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોને ધારાસભ્યએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત બેંક ઓફ બરોડાના મેનેજર ધિરજ તિવારી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર ઉત્સવ પટેલ, આઈડીબીઆઈના મેનેજર ગૌરવ મહેતાએ સરકારની યોજનાઓ મુજબ લોન, સબસિડી, વ્યાજના દર, જીએસટી વગેરેની વિસ્તૃત માહિતી તથા માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી કરતા ચેમ્બરના મંત્રી જીગર જાનીએ જણાવ્યું હતું કે અત્યારે ટેક્નોલોજી અને સોશ્યલ મિડીયાનો યુગ ચાલે છે. તમામ માહિતી ઓનલાઈન ઉપલબ્ધ હોય છે. છતાં કોઈપણ વેપારી, ઉદ્યોગકાર કે સ્ટાર્ટઅપ કરનાર યુવાનને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મદદ જોઈએ તો તેવા લોકો સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પેટલાદ ખાતે વેપાર રોજગાર વધારવાની દિશામાં ચેમ્બર ઓફ કોમર્સની આ શરૂઆતને લોકોએ સરાહનીય ગણાવી છે.

### જીઆઈડીસીમાં રોકાણ કરો

પેટલાદ ખાતે યોજાયેલ બેઠકમાં વિદ્યાનગર જીઆઈડીસીના રિજિયોનલ મેનેજર ગઢવીએ જણાવ્યું હતું કે આણંદ જીલ્લામાં વધુ એક જીઆઈડીસી તારાપુર - વટામણ હાઈ - વે ઉપર ઈન્દ્રણજ ગામ પાસે શરૂ થઈ રહી છે. આ એકમાત્ર જીઆઈડીસી એવી છે કે જે સીકસ લેન હાઈ - વેની બંન્ને બાજુએ આવેલ છે. અહિયાં ૨૫૦ ચોમીથી ૩૦૦૦ ચોમી સુધીના ૨૬૮ પ્લોટ ઉપલબ્ધ રહેશે. જેનું બુકીંગ હાલ ચાલુ છે. આ પ્લોટ સુધી રસ્તા, પાણી, લાઈટની સુવિધાઓ પુરી પાડવામાં આવશે. ઉપરાંત માત્ર ૩૦ ટકા ડાઉન પેમેન્ટ ભરવાથી પ્લોટનો કબ્જો આપવામાં આવશે. પ્લોટની બાકી રહેતી રકમ માટે આઠ વર્ષની સમય મર્યાદામાં ૩૨ હપ્તે રકમ ભરવાની રહેશે. તેમાંય એમએસએમઈ માટે રાહતદરે પ્લોટ આપવામાં આવશે. તેઓએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પેટલાદ જીઆઈડીસી ખાતે પણ બહુમાળી શેડ તૈયાર છે. જેમાં ૫૦ ચોમી અને ૧૦૦ ચોમીના તૈયાર બાંધકામ છે. ચાર માળના આ કોમ્પલેક્ષમાં પાર્કિંગ, લાઈટ, પાણીની તમામ સુવિધા ઉપલબ્ધ છે.

# એપલ પાઈનેપલ અને ડેરી મિલ્કના ભજીયા માર્કેટમાં આવ્યા

**હૈદરાબાદ,**

દેશમાં.અનેક પ્રકારની વાનગીઓ મળે છે. દરેક રાજ્યની ખાસ વાનગી છે. ગુજરાતી, પંજાબી જેવા રાજ્યોની વાનગીઓ તો દરેકે ચાખી હશે. હૈદરાબાદી બિરયાની પણ ઘણાની ફેવરિટ છે. પણ શું તમે બજ્જી આજમાવી છે? જો કે આ બજ્જી એટલે બીજું કંઈ નહીં આપણાં ભજીયા! જેને ગુજરાતીઓ ચોમાસામાં ખૂબ ખાય છે. હૈદરાબાદમાં માધાપુરના હાઈટેક સિટી મેટ્રો રેલવે સ્ટેશન પર શ્રીનિવાસ મિક્સ્ચર પોઈન્ટ પર મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. આ જગ્યા પર બજ્જી (મરચા, કેળા, બટાકા અને ચણાના લોટથી બનેલ મસાલેદાર નાશ્તા) લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યા છે. બપોરે ૧૨થી રાત્રે ૧૧ વાગ્યા સુધી અનાનસ, સફરજન, ચોકલેટ તથા અન્ય વાનગી પણ ઉપલબ્ધ હોય છે. રેસ્ટોરન્ટના માલિકે આ અંગે નિવેદન આપ્યું છે કે, સૌથી પહેલા વર્ષ ૨૦૦૯માં આંધ્રપ્રદેશના રાજામહેન્દ્રવરમમાં શરૂઆત કરવામાં આવી હતી. થોડા સમય પછી લોકોને આ વાનગી ખૂબ જ પસંદ આવવા લાગી. અલગ અલગ જગ્યાએથી આવીને લોકો આ મસાલેદાર વાનગીનો સ્વાદ માણવા લાગ્યા છે. ગ્રાહકોનો સારો પ્રતિસાદ મળતા રેસ્ટોરન્ટના માલિકે આ બિઝનેસને વધુ વિસ્તારિત કર્યો અને હૈદરાબાદમાં શાખાની શરૂઆત કરી હતી.


**વેસ્ટર્ન ટાઇમ્સ**

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર



## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળો ખાતે હોર્ડિંગ/બોર્ડસ દ્વારા જાહેરાતનો કોન્ટ્રાક્ટ**

ટેન્ડર નોટીસ નં. CA 11/E-auction/Advt./23/02

રાજકોટ ડિવિઝનના વિવિધ સ્થળો ખાતે હોર્ડિંગ/બોર્ડસ દ્વારા જાહેરાતનાં કોન્ટ્રાક્ટ માટે http://www.ireps.gov.in પર ઈ–ઓક્શન માટેટેન્ડર નોટીસ.

| અનું. નં. | લોટ નં./કેટેગરી | વિગત | ઓક્શન તારીખ અને સમય | કોન્ટ્રાક્ટ સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | ADVT-RJT-THAN-OSN-74-23-1 | થાન રેલવે સ્ટેશન પર ફ્લેક્ષ બોર્ડસ દ્વારા જાહેરાતના ડિસ્પ્લે માટે બલ્ક જાહેરાત કોન્ટ્રાક્ટ. (ફક્ત અંદર બાજુ) | 09-05-2023 10:30 થી 11:00 | 03 વર્ષ |
| AA/2 | ADVT-RJT-DWK-OSN-55-23-1 | દ્વારકા, ઓખા અને ખંભાળિયા રેલવે સ્ટેશન પર ફ્લેક્ષ બોર્ડસ દ્વારા જાહેરાતના ડિસ્પ્લે માટે બલ્ક જાહેરાતનું કોન્ટ્રાક્ટ. (ફક્ત અંદર બાજુ) (FOB વિસ્તાર સિવાય ) | 09-05-2023 10:30 થી 11:10 | 03 વર્ષ |
| AA/3 | ADVT-RJT-JAM-OSN-39-23-1 | જામનગર રેલવે સ્ટેશન પર ફ્લેક્ષ બોર્ડસ દ્વારા જાહેરાતના ડિસ્પ્લે માટે બલ્ક જાહેરાતનું કોન્ટ્રાક્ટ. (ફક્ત અંદર બાજુ) (FOB વિસ્તાર સિવાય ) | 09-05-2023 10:30 થી 11:20 | 03 વર્ષ |
| AA/4 | ADVT-RJT-RJT-OSN-40-23-1 | રાજકોટ રેલવે સ્ટેશન પર ફ્લેક્ષ બોર્ડસ/ગ્લોસાઈન બોર્ડસ દ્વારા જાહેરાતના ડિસ્પ્લે માટે બલ્ક જાહેરાત કોન્ટ્રાક્ટ. (ફક્ત અંદર બાજુ) (FOB વિસ્તાર સિવાય ) | 09-05-2023 10:30 થી 11:30 | 03 વર્ષ |
| AA/5 | ADVT-RJT-SUNR-OSN-41-23-1 | સુરેન્દ્રનગર, વાંકાનેર અને મોરબી રેલવે સ્ટેશન પર ફ્લેક્ષ બોર્ડસ દ્વારા જાહેરાતના ડિસ્પ્લે માટે બલ્ક જાહેરાતનું કોન્ટ્રાક્ટ. (ફક્ત અંદર બાજુ) (FOB વિસ્તાર સિવાય ). | 09-05-2023 10:30 થી 11:40 | 03 વર્ષ |

RJT-007

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## GUJARAT CONTAINERS LTD

CIN - L28120GJ1992PLC017081

Regd. Office;- 488, Baroda - Savli Highway, Vilage - Tundav, Taluka-SAVLI, DIST. Baroda-Gujarat.
Ph. No. 2667-262084/26220 : Website : www.gujaratcontainers.com

EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2023 ( Rs. In Lacs)

| SR. NO. | PARTICULARS | QUARTER ENDED | | | YEAR ENDED | |
|---|---|---|---|---|---|---|
| | | 31-03-2023 | 31-12-2022 | 31-03-2022 | 31-03-2023 | 31-03-2022 |
| | | (Audited) | (UnAudited) | (Audited) | (Audited) | (Audited) |
| 1 | Total Income from Operations | 3,184.41 | 2,604.63 | 3,743.41 | 13,575.10 | 15,000.14 |
| 2 | Net Profit for the period (before tax Exceptional and / or Extra Ordinary items) | 323.89 | 279.25 | 372.74 | 1,496.90 | 1,216.72 |
| 3 | Net Profit for the period before tax (after Exceptional and / or Extra Ordinary items) | 323.89 | 279.25 | 372.74 | 1,496.90 | 1,216.72 |
| 4 | Net Profit for period after tax (after Exceptional and / or Extra Ordinary items) | 241.30 | 198.93 | 265.84 | 1,109.36 | 912.54 |
| 5 | Total Comprehensive income for the periods (Comprising Profit / (Loss) for the period (after tax) and other comprehensive Income (after Tax) | (3.91) | 0.37 | 1.50 | (2.78) | 1.51 |
| 6 | Paid-up Equity share capital (Face Value of Rs.10./- each) | 565.00 | 565.00 | 565.00 | 565.00 | 565.00 |
| 7 | Reserve (excluding Revaluation Reserve) as shown in the Balance Sheet of Previous year. | - | - | - | 2,912.79 | 1,778.22 |
| 8 | Earnings Per Share (EPS) (for continuing and discontinued operations) (Face Value of Rs. 10 Each) | 0 | 0 | 0 | 0 | 0 |
| | a) Basic and Diluted EPS before Extraordinary items | 4.20 | 3.52 | 4.71 | 19.59 | 16.15 |

1. The above financial results for the quarter ended 31st March, 2023 was audited and recommended by the Audit Committee at the meeting held on 29th April, 2023 and subsequently approved by the Board of Directors and taken record, at the meeting held on 29th April 2023. held on 29th April, 2023 and subsequently approved by the Board of Directors and taken on record, at the meeting held on 29th April 2023.
2. The figures for the corresponding previous period have been regrouped / reclassified wherever necessary, to make them comparable with the figures of current period
3. The Company is primarily engaged in Packing Material Business and therefore there is only one reportable segment
4. The above results of the Company are available on the Company's website www.gujaratcontainers.com and also on www.bseindia.

Place : Vadodara
Date : 29-04-2023

For Gujarat Container's Limited
Kiran Shah
Managing Director


## રજનીશ કર્ણાટક બેંક ઓફ ઈન્ડિયામાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે જોડાયા

**મુંબઈ,**

રજનીશ કર્ણાટક અગ્રણી PSBમાં ની એક, બેંક ઓફ ઈન્ડિયામાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે જોડાયા. રજનીશ કર્ણાટક પાસે ૨૯ વર્ષથી વધુનો પોસ્ટ લાયકાતનો અનુભવ છે. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૧થી યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે તેમની નિમણૂક થઈ ત્યાં સુધી તેઓ પંજાબ નેશનલ બેંકના ચીફ જનરલ મેનેજર રહ્યા હતા. તે વાણિજ્યમાં અનુસ્નાતક છે અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ બેન્કર્સ તરફથી પ્રમાણિત સહયોગી છે. તેમની બેંકિંગ કારકિર્દી દરમિયાન, તેમણે ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સમાં જનરલ મેનેજર તરીકે મોટી કોર્પોરેટ ક્રેડિટ શાખાઓ અને ક્રેડિટ મોનિટરિંગ, ડિજિટલ બેંકિંગ અને મિડ કોર્પોરેટ ક્રેડિટ જેવા મહત્ત્વના વિભાગોનું નેતૃત્વ કર્યું છે. પંજાબ નેશનલ બેંકમાં ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સના વિલય પછી, તેમણે ક્રેડિટ મોનિટરિંગ ડિવિઝન અને પંજાબ નેશનલ બેંકમાં કોર્પોરેટ ક્રેડિટ ડિવિઝનનું નેતૃત્વ કર્યું. તે ચોક્કસ સંદર્ભ વિશેષ મુદ્દા અને રિસ્ક મેનેજમેન્ટ સાથે પ્રોજેક્ટ ફંડિંગ અને વર્કિંગ કેપિટલ ફંડિંગમાં વ્યાપક એક્સપોઝર ધરાવે છે તેમણે IIM-કોઝિકોડ અને JNIDB હૈદરાબાદમાંથી લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ અને તાલીમ કરી છે અને IMI (ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ) દિલ્હી ખાતે એડવાન્સ મેનેજમેન્ટ પ્રોગ્રામમાં પણ ભાગ લીધો છે. તેઓ IIM બેંગ્લોર અને એગોન ઝેહન્ડરના લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે FSIB દ્વારા પસંદ કરાયેલ વરિષ્ઠ અધિકારીઓની ૧લી બેચનો ભાગ હતા.


## ADARSH PLANT PROTECT LIMITED

Regd. Office : 604, GIDC, VITTHAL UDYOGNAGAR - 388 121, DIST. ANAND
CIN No. L29210GJ1992PLC017845 Website : www.adarshplant.com
Tel No. (02692) 236705 Fax No. (02692) 236704 Email ID : adarshplantprotect@gmail.com

(Rs. In lakhs)

Extract of Audited Financial Results for the quarter and year ended 31st March, 2023

| Sr. No. | Particulars | Quarter ended 31/03/2023 | Quarter ended 31/03/2022 | Year ended 31/03/2023 | Year ended 31/03/2022 |
|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited | Audited |
| 1 | Total Income from Operations | 416.16 | 467.9 | 1722.05 | 1714.08 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 5 | Total Comprehensive Income for the period | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 6 | Equity share capital | 991.15 | 991.15 | 991.15 | 991.15 |
| 7 | Earning per share (Face Value of Rs.10/- each) | | | | |
| | 1. Basic | 0.06 | (0.65) | 0.14 | 0.1 |
| | 2. Diluted | 0.06 | (0.65) | 0.14 | 0.1 |
| | NOTES : | | | | |

1. The above results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on29th April, 2023.
2. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
3.The full format of the Quarterly Financial Results are available on the website of the Stock Exchange www.bseindia.com and on the website of the Company www.adarshplant.com
4. Previous period's figures has been regrouped/reclassified wherever required.

Place: V.U. Nagar
Date: 29/04/2023

For Adarsh Plant Protect Limited
Naishadkumar N. Patel
Chairman (DIN 00082749)

# YouTube mobile gets animated loading screen inspired by Android TV

San Francisco, (IANS) Google-owned YouTube has started to get the animated loading screen on mobile which was first seen on Android TV in late 2022. Google stated that the new animation is part of an identity update aimed at creating a visually appealing and easily recognisable brand image, reports 9to5Google. The animation was said to have been inspired by old CRT TVs (a television device that uses cathode ray tubes used back before the invention of the flat-screen TV). The procedure includes a new loading bar icon that includes the familiar YouTube play-head and a red progress bar. This new loading screen, like the Android TV version, will appear only if users have not used the YouTube application in a long time or have recently updated, the report said. Meanwhile, YouTube has introduced a number of new features to its Premium service users, including higher quality video for web and iOS users, support for co-watching videos on FaceTime through Apple's SharePlay and other controls for managing their queue on mobile devices. The company has launched an enhanced bitrate version of 1080p HD video quality starting on iOS (and an experiment coming to the Web soon too) to provide an even higher video quality experience to its Premium members.

# Adobe expands India footprint, opens new office to host 2K employees

New Delhi, (IANS) Software major Adobe on Monday announced the opening of a state-of-the-art office tower in Bengaluru that will host over 2,000 employees. With over 7,800 employees spread across five campuses in the country, India is Adobe's largest employee base outside the US, and a major hub for software innovation, and business development. "Adobe was among the first technology companies to invest in India 25 years ago. Today, our India teams are central to Adobe's global innovation agenda and cross cloud leadership," said Abhigyan Modi, Country Manager - Adobe India and SVP - Document Cloud, Adobe. The India teams are leading the charge on digital learning and print business, fuelling development of products across Document Cloud, furthering the reach of Experience Cloud solutions and reimagining Creative apps ecosystem with AI-led innovation. "Our Bengaluru office expansion marks the next chapter in Adobe's incredible journey in India, Modi added. Earlier last month, Adobe had announced the opening of its new Founders Tower in San Jose, California. "With the opening of our new office tower, we're expanding our presence and commitment to India, adding capacity and growing our innovation out of the Bengaluru campus," said Abdul Jaleel, ?Vice President, Employee Experience, Adobe India. The new building design embraces a digital-first mindset that represents Adobe's hybrid workplace philosophy centered around empowering employees to come together for the moments that matter, build connections, foster community, and enable creativity.

# 80% Indian business leaders say data crucial in decision-making: Report

New Delhi, (IANS) About 8 in 10 (or 80 per cent) business leaders in India believe that data plays a critical role in decision-making at their organisation, a new report showed on Friday.

According to enterprise software company Salesforce, about 78 per cent of Indian business leaders agree that data helps reduce uncertainty and make more accurate decisions in business conversations. The survey includes more than 1,000 Indian business leaders."Businesses need to truly become data-driven, starting at the top in order to uncover opportunities to grow, while finding operational and cost efficiencies. Today, leaders acknowledge that data drives business direction but actual utilization of data by Indian businesses is low as there are still barriers to standing in the way of data-led business conversations," said Anjali Amar, Regional Vice President - Tableau at Salesforce India. While companies agree about the advantages of using data, there's a clear disconnect from how they're actually using it in practice, the report said. Two-thirds (or 66 per cent) of business leaders are not using data to decide on pricing in line with economic conditions, such as inflation. Only 35 per cent are using data to inform their strategy when launching in new markets. Moreover, the report mentioned that there are also missed opportunities for companies to use their data to drive company values. Almost 7 in 10 (or 69 per cent) business leaders are not using data to inform their organisation's diversity and inclusion policies. Only 23 per cent of business leaders are using data to help guide their climate targets. The report also stated that when integrated and leveraged correctly, data has huge potential to build efficiency and trust among both customers and employees. About 79 per cent of business leaders think data keeps people focused on the things that matter and that are relevant to the business, while, 76 per cent think that data helps minimise the influence of personal opinions or egos in a business conversation.

# Forex reserves rise by $1.657 billion to $586.412 billion

**Mumbai:** India's forex reserves rose by $1.657 billion to $586.412 billion as of April 14, marking their second consecutive week of increase, according to the RBI data released. In the previous reporting week, the overall reserves rose by $6.306 billion to $584.755 billion. For the week ended April 14, the foreign currency assets, a major component of the reserves, increased by $2.204 billion to $516.635 billion, according to the Weekly Statistical Supplement released by the RBI. Expressed in dollar terms, the foreign currency assets include the effect of appreciation or depreciation of non-U.S. units like the euro, pound and yen held in the foreign exchange reserves.

# Ajay Banga is uniquely equipped to lead the World Bank at such a critical moment: US

**Washington:** Indian-American business leader Ajay Banga is an exceptional candidate and he is uniquely equipped to lead the World Bank at such a critical moment, the US has said as the bank plans to formally announce his appointment as its president. President Joe Biden announced that the US would be nominating Banga to lead the World Bank because he is well equipped to lead the global institution at this critical moment in history. The World Bank closed a month-long window for nominations for its next president, with no alternatives announced to 63-year-old Banga. Banga is the only applicant for the position of president of the World Bank, the global financial institution said. Banga is uniquely equipped to lead the World Bank at such a critical moment, and he's an exceptional candidate, Vedant Patel, State Department Principal Deputy Spokesperson, told reporters at his daily news conference. His leadership skills and management experience, his experience in the financial sector, will help achieve the World's Bank objectives by eliminating extreme poverty, and expanding prosperity, while also doing so in a very evolving and dynamic global playing field, where we are dealing with a lot of new and pressing issues and challenges, like climate change and global health challenges and other things as well, Patel said.

## ADARSH PLANT PROTECT LIMITED

Regd. Office : 604, GIDC, VITTHAL UDYOGNAGAR - 388 121, DIST. ANAND
CIN No. L29210GJ1992PLC017845 Website : www.adarshplant.com
Tel No. (02692) 236705 Fax No. (02692) 236704 Email ID : adarshplantprotect@gmail.com

(Rs. In lakhs)

Extract of Audited Financial Results for the quarter and year ended 31st March, 2023

| Sr. No. | Particulars | Quarter ended 31/03/2023 | Quarter ended 31/03/2022 | Year ended 31/03/2023 | Year ended 31/03/2022 |
|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited | Audited |
| 1 | Total Income from Operations | 416.16 | 467.9 | 1722.05 | 1714.08 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 5 | Total Comprehensive Income for the period | 6.1 | (64.63) | 13.88 | 10.4 |
| 6 | Equity share capital | 991.15 | 991.15 | 991.15 | 991.15 |
| 7 | Earning per share (Face Value of Rs.10/- each) | | | | |
| | 1. Basic | 0.06 | (0.65) | 0.14 | 0.1 |
| | 2. Diluted | 0.06 | (0.65) | 0.14 | 0.1 |

NOTES :

1. The above results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on29th April, 2023.
2. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
3. The full format of the Quarterly Financial Results are available on the website of the Stock Exchange www.bseindia.com and on the website of the Company www.adarshplant.com
4. Previous period's figures has been regrouped/reclassified wherever required.

Place: V.U. Nagar
Date: 29/04/2023

For Adarsh Plant Protect Limited
Naishadkumar N. Patel
Chairman (DIN 00082749)

## GUJARAT CONTAINERS LTD

CIN - L28120GJ1992PLC017081
Regd. Office;- 488, Baroda - Savli Highway, Vilage - Tundav, Taluka-SAVLI, DIST. Baroda-Gujarat.
Ph. No. 2667-262084/26220 : Website : www.gujaratcontainers.com

EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2023 ( Rs. In Lacs)

| SR. NO. | PARTICULARS | QUARTER ENDED | | | YEAR ENDED | |
|---|---|---|---|---|---|---|
| | | 31-03-2023 | 31-12-2022 | 31-03-2022 | 31-03-2023 | 31-03-2022 |
| | | (Audited) | (UnAudited) | (Audited) | (Audited) | (Audited) |
| 1 | Total Income from Operations | 3,184.41 | 2,604.63 | 3,743.41 | 13,575.10 | 15,000.14 |
| 2 | Net Profit for the period (before tax Exceptional and / or Extra Ordinary items) | 323.89 | 279.25 | 372.74 | 1,496.90 | 1,216.72 |
| 3 | Net Profit for the period before tax (after Exceptional and / or Extra Ordinary items) | 323.89 | 279.25 | 372.74 | 1,496.90 | 1,216.72 |
| 4 | Net Profit for period after tax (after Exceptional and / or Extra Ordinary items) | 241.30 | 198.93 | 265.84 | 1,109.36 | 912.54 |
| 5 | Total Comprehensive income for the periods (Comprising Profit / (Loss) for the period (after tax) and other comprehensive Income (after Tax) | (3.91) | 0.37 | 1.50 | (2.78) | 1.51 |
| 6 | Paid-up Equity share capital (Face Value of Rs.10./- each) | 565.00 | 565.00 | 565.00 | 565.00 | 565.00 |
| 7 | Reserve (excluding Revaluation Reserve) as shown in the Balance Sheet of Previous year. | - | - | - | 2,912.79 | 1,778.22 |
| 8 | Earnings Per Share (EPS) (for continuing and discontinued operations) (Face Value of Rs. 10 Each) | 0 | 0 | 0 | 0 | 0 |
| | a) Basic and Diluted EPS before Extraordinary items | 4.20 | 3.52 | 4.71 | 19.59 | 16.15 |

1. The above financial results for the quarter ended 31st March, 2023 was audited and recommended by the Audit Committee at the meeting held on 29th April, 2023 and subsequently approved by the Board of Directors and taken record, at the meeting held on 29th April 2023. held on 29th April, 2023 and subsequently approved by the Board of Directors and taken on record, at the meeting held on 29th April 2023.
2. The figures for the corresponding previous period have been regrouped / reclassified wherever necessary, to make them comparable with the figures of current period
3. The Company is primarily engaged in Packing Material Business and therefore there is only one reportable segment
4. The above results of the Company are available on the Company's website www.gujaratcontainers.com and also on www.bseindia.

Place : Vadodara
Date : 29-04-2023

For Gujarat Container's Limited
Kiran Shah
Managing Director

# A H M E D A B A D * M A R K E T * G U I D E


પરિમલ હોસ્પિટલ
NABH CERTIFIED
પુનીત માર્ગ, ઝઘડીયા બ્રિજની બાજુમાં, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
079-2546 7145, 84600 65008
૪૦ વર્ષથી(Estd.-1982) પારંગત પારદર્શક આધુનિક ટેકનીક દ્વારા હોસ્પિટલ સેવા



સર્જરી : પથરી તથા પ્રોસ્ટેટ સર્જરી દૂરબીનથી(PCNL-URS RIRS V-LAP), સારણગાંઠ, હરસ-મસાની સ્ટેપલર પધ્ધતિ દ્વારા સારવાર, પિત્તાશય, એપેન્ડીક્સ તથા આંતરડાના તમામ ઓપરેશન દૂરબીન- લેપ્રોસ્કોપી દ્વારા સારવાર.

મેડીકલ: ડાયાબીટીસ, હૃદયરોગ, ફેફસા, આંતરડા, લીવર, જ્ઞાનતંતુ તથા અન્ય ગંભીર બિમારીઓની નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા સારવાર

CASH-LESS (વિના રોકડ) સારવાર ઉપલબ્ધ
તમામ ઈન્શ્યોરન્સ TPA દ્વારા માન્યતા પ્રાપ્ત
નિષ્ણાંત તબીબો અને આધુનિક ઉપકરણોથી સજ્જ
ISO: Certified Hospital

પાઈલ્સ-મસા-ફિશરના દુઃખાવામાંથી હવે તુરંત મુક્તિ




૧૨ પ્રકારની ઉચ્ચ જડીબુટ્ટીથી બનાવેલ ૧૦૦% આયુર્વેદિક નાઝ ચુરણ ના સેવનથી મસા સુકાઈ જાય છે. લોહી પડતું બંધ થાય છે, ફીશર સુકાઈ જાય છે. ભગંદરનું પરૂ સુકાઈ જાય છે. ચુરણનું સેવન કરતાં તુરત જ આરામ થાય છે. ઓપરેશનની જરૂર પડતી નથી....
દવા ઘરે બેઠાં મેળવવા ફોન કરો.
96382 13346, 9766 52109

સુખી લગ્ન-જીવન માટે



સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેક્સ ક્યોર
"નોબલ્સ" નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
: ફોન : ૨૬૫૮ ૬૦૦૦, ૨૬૫૮ ૭૦૦૦, ૨૬૫૮ ૮૦૦૦, ૪૮૦૦ ૦૦૦૯
: સમય : સવારે ૧૧ થી ૨, સાંજે ૪.૩૦ થી ૭, રવિવારે રજા
૫૬મું વર્ષ

દિવાળી વેકેશન ફેમીલી કપલ પેકેજ
ઝીરાવાલા ટુરીઝમ
ગોવા મહાબળેશ્વર લોનાવાલા | હૈદરબાદ તીરૂપતી ઉંટી-મૈસુર | સપ્તઃજ્યોર્તિલીંગ દ.ભારત રામેશ્વર કન્યાકુમારી
નેપાળ પોખરા બનારસ | હરદ્વાર આગ્રા મથુરા | સીમલા મનાલી ડેલહાઉસી
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala-Darjiling-Nainital
"હાઈટેક બિલ્ડીંગ", મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઈ સ્કુલની બાજુમાં, પાલડી, અમદાવાદ. Ph. : 26587922 / 23 (M) 9408777333, 94267 55909
એફ/૪૩, પુજન કોમ્પલેક્ષ, રાજહંસ સિનેમા પાસે, શુકન ચાર રસ્તા પાસે, નિકોલ. Ph. : (M) 9409625111, 9408777333

WESTERN TIMES
Disclaimer
Adverstisement appeared in this News Paper have not been verified factually and "WESTERNTIMES" does not stand responsible for the sales proposition.

ધંધાકિય BUSINESS
શેર & સ્ટોક
ધંધામાં ૧ લાખનું રોકાણ
કરી, માસિક ૪૦૦૦/- આવક મેળવો
7600800601

Patel Chem Specialities P. Ltd.
A Consistent Quality / Innovative Solutions
A GMP & ISO 9001:2015 CERTIFIED COMPANY
Plot No. 272/4-5, Phase-II, GIDC Estate, Vatva, Ahmedabad - 382 445. Gujarat, INDIA,
**Phone :** +91 79 2970 9854 / +91 97129 99854,
**E-mail:** info@pcspl.net • **Website :** www.pcspl.net
Manufacturer & Exporter of Pharmaceutical Excipients & Speciality Chemicals

Super Disintegrants
Disolwell® Croscarmellose Sodium IP, BP, EP, USP-NF
Blow Tab® Sodium Starch Glycolate IP, BP, EP, USP-NF
Swellcal® Carboxymethylcellulose Calcium, (Calcium CMC) JP, BP, EP, USP-NF

Binders & Fillers
Hindcel® Microcrystalline Cellulose IP, BP, USP-NF
Pregelatinized Starch IP
Potato & Maize Starch IP

Viscosity Modifier
Rheollose® Sodium Carboxymethyl Cellulose IP, BP, EP, USP-NF

Lubricants
Magnesium Stearate

API Intermediates
Sodium Monochloro Acetate

MAHESHWARI
બેસ્ટ ક્વૉલીટી - ટોપ બ્રાન્ડ્સ - રીઝનેબલ પ્રાઈઝ
દુલ્હા થી અણવર સુધી - પિતા થી ભાઈ સુધી
દરેક માટે Spl. Package
Starting from 10,999/- only
Designer Attires @ Affordable Price
SEMI SHERWANI / INDO-WESTERN SET + TUXEDO / SUITS / JODHPURI + KURTA SET FROM BROCADE / LUKHNOWI FABRICS
Pre-Diwali SALE
All Branded Fabrics
Raymond Arvind TESSUTI DIGJAM
SEMI FORMAL FORMAL / COTTON
(Fabric + Stitch)
૩ શર્ટ ફક્ત ₹.2499/-
૩ પેન્ટ ફક્ત ₹.2899/-



PALDI: 5, Vardhaman Complex, Opp. Honest Pavbhaji, Under Anjali Bridge. Tel.: 94276-15394
NARANPURA: 2/29, Sunernagar Soc., Beside Manish Hall. Tel.: 91730-82827
BOPAL: 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. Tel.: 86868-82827
PARKING AVAILABLE I SUNDAY OPEN